# મેઘરજના જંગલોમાં ઈલેક્ટ્રિક કટિંગ મશીનથી ઝાડ કાપી દાણચોરી કરતા વીરપ્પનો

મેઘરજ, તા. ૭

અરવલ્લી વન વિભાગ તંત્ર પાછળ સરકાર કરોડો રૂપિયા પગાર પેટે એંધાણ કરી રહી છે અને વૃક્ષો વાવવા અને વનસંપદાનું જતન કરવા વર્ષે દહાડે કરોડો રૂપિયાની ગ્રાન્ટ

## તંત્રની મીલીભગતનો આક્ષેપ

ફાળવી રહી છે. મેઘરજ તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી વનવિભાગની નજર તળે ધોળે દહાડે સરકારના અનામત પ્રકારના વૃક્ષો સહીત જલાઉ લાકડા બેફામ રીતે મંજૂરી વગર કાપીને લાકડાના દાણચોર વીરપ્પનનો ધોળે દહાડે ગેરકાયદેસર હેરાફેરીનો વેપલો ચાલી રહ્યો છે.

મેઘરજ જંગલમાં ત્રાટકતા વીરપ્પનનો ખુલ્લેઆમ ઝાડ કાપવાના કટર મશીન સાથે ટ્રેક્ટર, ટેમ્પામાં પહોંચી ઈમારતી લાકડા અને જલાઉ લાકડાના તોતિંગ વૃક્ષો પણ ગણતરીની મિનિટોમાં થડમાંથી કાપી રફુચક્કર થઈ જતા હોય છે. મેઘરજના જંગલમાં કટિંગ મશીનથી કાપેલા જુદા જુદા ઝાડના વિડીયો પર્યાવરણપ્રેમીએ ઉતારી વિડીયો વાઈરલ કરતા વનવિભાગ તંત્રની પોલ ખુલ્લી





પડી ગઈ છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર, મેઘરજ તાલુકા વિસ્તારમાં આવેલા સરકારી અનામત જંગલોમાંથી છેલ્લા ઘણા સમયથી લાકડાના દાણચોર તત્વો દ્વારા વનવિભાગની મિલીભગતમાં સાગ અને જલાઉ વૃક્ષો કાપી દાણચોરી થઈ રહી છે. મોટા ભાગના જંગલોમાંથી રોજેરોજ સરકારી વૃક્ષો કાપીને લાકડાના દાણચોરો મોટી ચોરી કરી રહ્યા છે જેને લઈને જંગલો ઉજ્જવળ બની રહ્યા છે. લાકડાની ગેરકાયદેસર દાણચોરીથી ખુબ મોટું નુકશાન થઈ રહ્યું છે. મેઘરજ પંથકના પર્યાવરણપ્રેમીઓના જણાવ્યા અનુસાર મેઘરજના રોડ પર ધોળે દહાડે અને રાત્રીના સુમારે મેઘરજ પંથકમાંથી ખુલ્લેઆમ વૃક્ષોનું નિકંદન કાઢી ટ્રેક્ટર, ટેમ્પા અને ટ્રકમાં હેરાફેરી થઈ રહી છે. વનવિભાગ તંત્રના કર્મચારીઓ અને અધિકારીઓની મીલીભગતથી વીરપ્પનો જંગલોનો વિનાશ કરી રહ્યા હોવાનો આક્ષેપ કરી આગામી સમયમાં કાપેલા ઝાડના થડના થયેલા વાઈરલ વિડીયોની સીડી બનાવી જીલ્લા મુખ્ય વનવિભાગ અધિકારી, ગાંધીનગર હેડ ઓફિસ અને રાજ્ય સરકારમાં રજુઆત કરવામાં આવશે હોવાનું જણાવ્યું હતું.

# ડમ્પર ચલાકો પર ખાણ ખનીજ વિભાગ મહેરબાન

**બનાસકાંઠા જિલ્લામાં ખાણ અને ખનીજ વિભાગની મહેરબાનીથી ડમ્પર ચાલકો બેફામ : ગુજરાતમાંથી મોટાભાગની ખનીજ ચોરી કરી રાજસ્થાનમાં કરી રહ્યા છે હેરાફેરી : ગુજરાત પાંસિંગ વાળી ગાડી ગુજરાતમાંથી રેતી ભરીને જાય અને રાજસ્થાનમાંથી કપચી અને પથ્થર ભરીને આવે તંત્ર મૌન : થાવર આરટીઓ ચેકપોસ્ટ ના અધિકારી આ ડમ્પર ચાલકોને પાઠ ભણાવે : લોક માંગ**

પાલનપુર, તા.૭

બનાસકાંઠા જિલ્લામાં ખાણ અને ખનીજ વિભાગ ની મહેરબાની થી ખનીજ ચોરી નું મોટું કૌભાંડ ચાલી રહ્યું છે અને ડમ્પર ચાલકો અવરલોડ રેતી ભરી બેફામ રસ્તા પર ચાલી રહ્યા છે ત્યારે તંત્ર મૂંગા મોઢે તમાશો જોયા કરે છે ત્યારે આ બાબતે ધાનેરાના કેટલાક પત્રકારો દ્વારા થાવર આરટીઓ ચેકપોસ્ટ પર લેખિતમાં રજૂઆત કરી કાયદેસરની કાર્યવાહી કરવા માટેની માંગ કરે છે

બનાસકાંઠા જિલ્લાની બનાસ નદી સાથે રેતી ચોરીનું મસમોટું કૌભાંડ ચાલી રહ્યું છે અને દરરોજના ૧૫૦થી પણ વધુ ડમ્પરો ભરાઈ રાજસ્થાનમાં જઈ રહ્યા છે ત્યારે તંત્ર આવા લોકો સામે કાર્યવાહી કરવાના બદલે તેમને પ્રોત્સાહન પૂરું પાડી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે તને ગુજરાતમાંથી મોટાભાગની ખનીજચોરી રાજસ્થાનમાં થઈ રહી છે જિલ્લાના સ્થાનિક તંત્રને ખબર ન પડે કે ગુજરાતમાંથી ખનીજ ચોરી થઈ રાજસ્થાનમાં જઈ રહી છે તે માટે ડમ્પર ચાલકો ગુજરાત પાંસિંગ વાળી ગાડી નો ઉપયોગ કરતા હોય છે માટે તંત્ર પહેલાં જ ગુજરાત પાંસિંગ વાળી ગાડીઓ સામે કાર્યવાહી કરે તો પણ મોટું કૌભાંડ બહાર આવવાની શક્યતાઓ સેવાઈ રહી છે રાજસ્થાન વાળી ગાડી રાજસ્થાનમાં રેતી ભરીને જતી તેની સામે તંત્રે કાર્યવાહી હાથ ધરી તો હવે આ કબાડીઓ એ નવો કીમિયો અપનાવ્યો અને ગુજરાત પાંસિંગ વાળી ગાડીઓ થી ખનીજચોરી નો શુભારંભ કર્યો જ્યારે પણ કોઈ અધિકારી કે ચેકપોસ્ટ પર ગાડીની તપાસ કરવામાં આવે તો સ્થાનિક છું તેમ કંઈ તંત્રને અને અધિકારીઓને ગેરમાર્ગે દોરી રાજસ્થાન જાય છે માટે તંત્ર એ પહેલાં જ ગુજરાત પાંસિંગ વાળી ગાડીઓ સામે પગલાં ભરવા જોઈએ તો બીજી તરફ રેતી ભરીને ચાલતા ડમ્ફર ચાલકો પણ બેફામ બન્યા છે અને ગફલત ભરી ડ્રાઈવિંગ કરી રહ્યા છે.




અગાઉ પણ ડમ્પર ચાલકોએ અનેક અકસ્માતો સર્જાયા હતા અને નિર્દોષ લોકોના જીવ લીધા હતા તે બાદ તંત્ર હરકતમાં આવ્યું હતું અને ડમ્પર ચાલકો સામે કાર્યવાહી કરી હતી પરંતુ થોડા દિવસ બાદ તંત્ર પણ આ વાત ભૂલી ગયું અને અત્યારે જે તેની પરિસ્થિતિ જોવા મળી રહી છે અને ફરીથી ડમ્પર ચાલકો ગયા છો અવરલોડ રેતી ભરીને ચાલતા ડમ્પર ચાલકો ના કારણે અન્ય વાહન ચાલકોને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે ડમ્પર ઉપરથી રેતી પૂરતી હોય છે અને બાઈક ચાલક તેમાં જ અન્ય વાહનચાલકો ના આંખ માં રહેતી પડતા અકસ્માતનો ભય રહે છે ત્યારે લોકો જણાવી રહ્યા છે કલેક્ટર અને ખાણ ખનીજ વિભાગ આવા લોકો સામે તાત્કાલિક કાર્યવાહી કરે અને પાઠ ભણાવે નહિતર આવનારા સમયમાં ફરીથી અકસ્માતો સર્જાય અને નિર્દોષ લોકો જીવ ગુમાવે તો નવાઈ નહીં ધાનેરામાં જાગૃત નાગરિક દ્વારા આ બાબતે ખાવ આરટીઓ ચેકપોસ્ટ પર લેખિતમાં રજૂઆત કરી કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરી છે ત્યારે હવે જોવાનું એ રહેશે કે તંત્ર ક્યારે કાર્યવાહી કરે છે.

# ભિલોડાના મઉ (નવલપુર) ગામમાં દીપડાએ વાછરડા અને કુતરાનું મારણ કરતા લોકોમાં ભય

ભિલોડા, તા. ૭

અરવલ્લી જીલ્લાની ગીરીમાળાઓમાં હિંસક પ્રાણીઓ મોટા પ્રમાણમાં વસવાટ કરી રહ્યા છે. શામળાજી-ભિલોડા પંથકમાં છેલ્લા પંદર દિવસમાં દીપડાએ માનવ વસ્તીમાં પ્રવેશી આતંક મચાવી પશુઓનું મારણ કરતા પ્રજાજનોમાં ફફડાટ ફેલાયો છે. ભિલોડા તાલુકાના મઉ (નવલપુર) ગામમાં શનિવારની રાત્રીએ દીપડાએ વાછરડા અને કૂતરાનું મારણ કરી મિજબાની કરતા પ્રજાજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. હિંસક દીપડાને તાત્કાલિક વનવિભાગ તંત્ર પાંજરે પુરાવામાં આવેની માંગ લોકો કરી રહ્યા છે. વનવિભાગ તંત્ર ઘટનાસ્થળે પહોંચી પંચનામું કરી પાંજરું મુકવાની કાર્યવાહી હાથ ધરી હતી.



ભિલોડા-શામળાજી પંથકમાં આવેલા વણઝર, ભેટાલી, રામનગર, નવા વકતાપુર, જનાલી, વાંસેરા, દેવની મોરી વિસ્તારમાં દીપડા અને હિંસક પ્રાણીઓ અવારનવાર પશુઓનું મારણ કરાયાની ઘટનાઓ બની છે. વાંસેરા ગામમાં દીપડાએ વાછરડાના મારણની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યારે ભિલોડાના મઉ (નવલપુર) ગામે રણછોડભાઈ રાઠોડ નામના ખેડૂતના તબેલામાં બાંધેલ વાછરડાનું શનિવારે રાત્રીએ ત્રાટકી મારણ કરતા વાછરડું રેકતા લોકો દોડી આવતા દીપડો નાસી છૂટતા જતા-જતા શેરીમાં રખડતા કૂતરાનું મારણ કરી મિજબાની કરી નજીકના જંગલમાં છુપાઈ ગયો હતો.

વનવિભાગે તંત્રને જાણ કરતા કર્મચારીઓ દોડી આવ્યા હતા અને મારણ સ્થળનું પંચનામુ કરી ખેડૂતને સહાય આપવા રાબેતા મુજબની ઓનલાઈન અરજી કરી દીપડાને પાંજરે પુરાવા પાંજરું મુકવાની કામગીરી હાથ ધરી હતી.

મઉ (નવલપુર) ગામમાં દીપડાએ વાછરડાનું અને કૂતરાનું મારણ કરતા સમગ્ર પંથકમાં ભયનો માહોલ ફેલાયો છે. છેલ્લા કેટલાય દિવસોથી દીપડાના આતંકથી ભિલોડા-શામળાજી પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં રાત્રીના સુમારે પ્રજાજનો ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. દીપડાના ભયના ઓથાર હેઠળ ગ્રામ્ય જીવન સુમસામ બની જાય છે, ખેડૂતો પણ ખેતરમાં જવાનું ટાળી રહ્યા છે. દીપડો આજુબાજુના વિસ્તારમાં આંટાફેરા મારતો રહેતા અને સતત માનવવસ્તીમાં ઘુસી પશુઓનું મારણ કરતા વનવિભાગ તંત્ર દ્વારા સંભવિત સ્થળોએ પાંજરા મૂકી દીપડાને સત્વરે પાંજરે પુરાવા માટેની માંગ પ્રબળ બની છે.



**અરવલ્લી જીલ્લામાં મેઘરાજાની તોફાની બેટિંગ : ૨ કલાકમાં ૨ ઈંચ વરસાદ**

અરવલ્લી જીલ્લામાં મોડે મોડે ધમાકેદાર એન્ટ્રી થતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો. શનિવારે દિવસભર આકાશે કાળા ડિબાંગ વાદળોની ઘેરાબંધી પછી રાત્રીના ૧૦ વાગ્યાના સુમારે ભારે પવન સાથે જીલ્લામાં સાર્વત્રિક ધોધમાર વરસાદ ખાબકતા નીચેવાળા વિસ્તારો તળબોળ બન્યા હતા. શામળાજી-મોડાસા પંથકમાં ભારે પવનથી ઝાડ ધરાશાયી થવાની સાથે વીજળી ડૂલ થઈ હતી. મોડાસા, માલપુર, ધનસુરા, બાયડ તાલુકામાં ૨ ઈંચ અને મેઘરજ, ભિલોડામાં ૧ ઈંચ વરસાદ વરસતા વાતાવરણમાં શીત લહેર પ્રસરી હતી. સતત ત્રીજા દિવસે મેઘમહેર થતા ભૂમિપુત્રો ખેતી કામમાં જોતરાયા હતા.

# અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં દેશી દારૂ ગાળવાનો ગૃહ ઉદ્યોગ, લઠ્ઠાકાંડનો ભય

મોડાસા, તા. ૭

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી પોલીસતંત્ર માટે કમાઉ દીકરો બની રહી છે. અરવલ્લી જીલ્લામાં દેશી-વિદેશી દારૂ છૂટથી મળી રહ્યો છે. જીલ્લાના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં દેશી દારૂ ગાળવાનો ગૃહ ઉદ્યોગ ચાલી રહ્યો છે. મોડાસા શહેર સહીત જીલ્લામાં ખુલ્લેઆમ દેશી દારૂની પોટલીઓનો વેપલો થઈ રહ્યો છે. કેટલાય પરિવારો દેશી દારૂના ખપ્પરમાં હોમાઈ બરબાદીના પંથકમાં ધકેલાઈ ગયા છે.

અરવલ્લી જીલ્લામાંથી પસાર થતી માઝુમ, મેશ્વો અને વાત્રક નદીની કોતરોમાં અને રાજ્યમાં પંકાયેલા છારાનગરમાં સેંકડો દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમી રહી છે. કેટલાક બુટલેગરો બમણી કમાણીની લાલચમાં દેશી દારૂની બનાવટમાં નવસારની સાથે યુરિયા, સલ્ફેટ જેવા રાસાયણિક ખાતરો, ઓક્સિટોસિન ઈન્જેક્શન, અલ્પ્રાઝોલમ જેવી ઉંઘની ગોળીઓનો ઉપયોગ બિન્દાસ્ત કરી રહ્યા છે. હદ તો ત્યારે થાય છે કે દેશી દારૂ પીનાર બંધારણી કીક મળી રહે તે માટે બેટરીના સેલનો પણ કેમિકલ તરીકે ઉપયોગ કરી રહ્યા છે. દેશી દારૂમાં કેમિકલનો ઉપયોગ જીલ્લામાં ગમે ત્યારે લઠ્ઠાકાંડ સર્જી શકે છે. કેટલાય લોકો કેમિકલયુક્ત દારૂ ગટગટાવી મોતના મુખમાં ધકેલાઈ ચુક્યા છે.

અરવલ્લી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ધમધમતા દેશી દારૂની પરબડીઓ બિન્ધાસ્ત ચાલી રહી છે ત્યારે જીલ્લા પોલીસતંત્ર આંખ આડા કાન કરી રહી છે. થોડા દિવસ અગાઉ રાજ્ય પોલીસવડા શિવાનંદ ઝા એ ચલાવેલ પ્રોહિબિશન ડ્રાઈવમાં પણ જીલ્લા પોલીસતંત્ર દેશી દારૂના ગણનાપાત્ર કેસ શોધી કાઢવામાં નિષ્ફળ રહેતા જીલ્લા પોલીસવડા મયુર પાટીલને ગણનાપાત્ર કેસ શોધી કાઢવા અને બુટલેગરો સામે શખ્ત કાર્યવાહી કરવા નોટિસ ફટકારતા જીલ્લા પોલીસવડા મયુર પાટીલ અને જીલ્લા પોલીસતંત્ર હરકતમાં આવી દેશી દારૂની ભઠ્ઠીઓ પર તવાઈ બોલાવી હતી. થોડા સમય પછી



અગમ્ય કારણોસર જીલ્લા પોલીસતંત્ર નિષ્ક્રિય બની જતા ફરીથી જીલ્લાના શહેરી વિસ્તારો અને ગ્રામ્ય વિસ્તારોમાં દેશી દારૂની રેલમછેલ જોવા મળી રહી છે.

# પ્રાંતિજના દલપુર પાસે રીક્ષાચાલકને માર મારી રીક્ષા અને મોબાઈલ લઈ ગયા

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના દલપુર પાસે રાત્રીના સમયે મુસાફરોના શ્વાગંમાં આવેલ બે અજાણ્યા મુસાફરોએ રીક્ષાચાલકને માર મારી રીક્ષા અને તેનો મોબાઈલની લુંટ કરી રફુચક્કર થતા રીક્ષાચાલક દ્વારા બે અજાણ્યા ઈસમો વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

પ્રાંતિજ તરફથી હિંમતનગર તરફ મુસાફરોને લઈને રાત્રીના સમયે તા. ૬-૭-૨૦૧૯ને શનિવારના બે અજાણ્યા મુસાફરોને બેસાડીને હિંમતનગર તરફ જતી રીક્ષાચાલકને દલપુર પાસે રીક્ષા ઉભી રાખી બે અજાણ્યા મુસાફરો દ્વારા રીક્ષાચાલકને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી તેની પાસે રહેલ મોબાઈલ સેમસંગ કંપનીનો જેની કિંમત-૩૦૦૦ તથા સીએનજી રીક્ષા જેની કિંમત-૭૫૦૦૦ મળી કુલ-૭૮૦૦૦ની લુંટ કરી અજાણ્યા ચોર લુંટારૂઓ મુસાફરની શ્વાંગમાં આવેલ બે મુસાફરો રીક્ષા મોબાઈલની લુંટ કરી ભાંગી જતાં આ અંગેની પોલીસ ફરીયાદ તા. ૭-૭-૨૦૧૯ને રવિવારના રોજ વહેલી સવારે કરતા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં રીક્ષાચાલક નટુભાઈ અમૃતભાઈ વાદી રહે. ચંચળબા નગર પ્રાંતિજ દ્વારા પોલીસ ફરીયાદ કરાતા પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ ૩૯૪, ૩૨૩, ૫૦૬,(૨) ૧૧૪ મુજબ ગુનો નોધી આગળની તપાસ પ્રાંતિજ પોલીસ ઈન્સ્પેક્ટર કે.એસ. ચાવડા દ્વારા હાથ ધરવામા આવી છે.

# પાલનપુર માળી સમાજ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

પાલનપુર, તા.૭

પાલનપુર માળી સમાજ દ્વારા ચાલુ વર્ષ સુવર્ણ જયંતિ મહોત્સવ તરીકે ઉજવવામાં આવી રહ્યું છે જેને લઈ વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા હતા. જેમાં આજે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં બ્લડ ડોનેટ કર્યું હતું અને આયોજકો દ્વારા બ્લડ ડોનેટ કરનાર લોકોને ફૂલ અને ગિફ્ટ આપી સન્માન કર્યું હતું. આ રક્તદાન કેમ્પ કરવા પાછળ નો હેતુ સમાજના લોકોને જરૂરિયાત ના સમયે બ્લડ ઝડપી મળી રહે એ માટે યોજાયો હતો. આ પ્રસંગે સમાજ દ્વારા ૧૧૧ થી વધુ બોટલ બ્લડની બોટલ એકત્રિત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માળી સમાજ પાલનપુરના પ્રમુખ હર્ષદભાઈ માળી, મંત્રી મોહનલાલ માળી, આયોજક સુનિલભાઈ, ચેતનભાઈ, જીગરભાઈ સહિત સમાજના લોકો મોટી સંખ્યમાં ઉપસ્થિત રહ્યા હતા.



**પાલનપુરમાં માર્ગ અને મકાન વિભાગની બેદરકારીથી ભયંકર દૂર્ઘટના સર્જવાની ભિતી**

# જર્જરિત થયેલા સરકારી કવાર્ટસ ખાલી કરાવાતા નથી : નોટીસ ચિપકાવી સંતોષ માન્યો



પાલનપુર

પાલનપુર ખાતે સરકારી કર્મચારીઓને રહેવા માટે બનાવવામાં આવેલી સરકારી વસાહતમાં કેટલાક બ્લોક જર્જરિત થઈ ગયા છે. જે રહેવા યોગ્ય ન હોવાની નોટિસ ચિપકાવવામાં આવી છે. પરંતુ અંદર રહેતા પરિવારોને અન્યત્ર કવાર્ટસ ફાળવવામાં ન આવતાં ચોમાસામાં ભયંકર દુર્ઘટના સર્જાવાની ભિતી સેવાઈ રહી છે.

બનાસકાંઠા જીલ્લા મુખ્ય મથક પાલનપુર ખાતે જિલ્લાની મુખ્ય સરકારી કચેરીઓ આવેલી છે. જેમાં ફરજ બજાવતાં કર્મચારીઓને રહેવા માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા કવાર્ટસ બનાવવામાં આવ્યા છે. જ્યાં કોઝીથી આગળ આવેલી વસાહતમાં કુલ ૪ જેટલા બ્લોકને ભયજનક ગણાવી માર્ગ અને મકાન વિભાગ દ્વારા નોટિસો પાઠવાઈ છે. પરંતુ અન્ય જગ્યાએ ક્વાર્ટર્સની ફાળવણી ન થતાં જીવના જોખમે કર્મચારીઓ આ બ્લોકમાં વસવાટ કરે છે. ત્યારે ચોમાસા દરમિયાન ભયંકર જીવલેણ દુર્ઘટના સર્જાય તે પહેલા ઘટતી કાર્યવાહી કરવામાં આવે તેવી આ પરિવારોની માંગ છે.

**પાલનપુરમાં પ્રથમ દિવસે**

# ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારા ૧૮ વાહન ચાલકોને ઈ- મેમો ફટકારાયો

પાલનપુર

પાલનપુરમાં સેફ એન્ડ સિકયોર કાર્યક્રમ અંતર્ગત રાજ્યના મુખ્યમંત્રીના હસ્તે થોડાક સમય અગાઉ શહેરના વિવિધ વિસ્તારોમાં ૧૪૭ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા હતા. આ કેમેરા થકી હવે ઈ- મેમો આપવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ અંગે ડીવાયએસપી આર. કે. પટેલે જણાવ્યું હતુ કે, શહેરમાં દિવસેને દિવસે વધતી જતી ગુનાહિત પ્રવૃત્તિઓને રોકવા તેમજ ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા ગુનેગારોને પકડવામાં સરળતા રહે તેમજ ટ્રાફિકનું નિયમન થાય તે હેતુસર રાજ્યના ગૃહ

આભાર - નિહારીકા રવિયા વિભાગ દ્વારા પાલનપુર શહેરના મુખ્ય વિસ્તારોને સીસીટીવી કેમેરાથી સજ્જ કરાયા છે. શહેરના મહત્તમ મુખ્ય વિસ્તારો પર ૧૪૭ અત્યાધુનિક હાઈ રિઝોલ્યુશનવાળા સીસીટીવી કેમેરા લગાવાયા છે. જે સીસીટીવી કેમેરાઓ થકી શહેરમાં બનેલા કંટ્રોલ રૂમમાં એક જ જગ્યાએ ૧૩૫ જેટલા પોલીસકર્મીઓ ૩૬ એલઈડી સ્ક્રીન દ્વારા ૨૪ કલાક શહેર પર બાઝ નજર રાખી રહ્યા છે. દરમિયાન સીસીટીવી કેમેરા દ્વારા હવે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. અને કાર્યવાહીના પ્રથમ દિવસે જ શહેરના વિવિધ વિસ્તારોમાં ફેન્સી નંબર પ્લેટ, ત્રિપલ બાઈક સવારી, રોંગ સાઈડ ડ્રાઈવીંગ, કરનારા ૧૮ વાહન ચાલકોને ઈ-મેમો આપવામાં આવ્યો છે. આ ઈ-મેમો વાહન ચાલકના ઘરે પહોચશે. નોડલ અધિકારી તરીકે જિલ્લા ટ્રાફિક અધિકારી જ્યારે લાયજન અધિકારી તરીકે પાલનપુર- ડીસા સીટી ટ્રાફિક પીએસઆઈની નિમણૂંક કરવામાં આવી છે. દંડ માટે પાલનપુર પૂર્વ પોલીસ મથકના પીએસઆઈની નિમણુંક કરવામાં આવી છે. આ સિસ્ટમ કાર્યરત થતાં હવે ટ્રાફિકની કાર્યવાહી વિસ્તૃત થઈ જશે. પહેલા વ્યકિતગત કામગીરી થતી હતી. તે હવે સીસીટીવીના કારણે એકથી વધુ સંખ્યામાં થશે.